Devon County Council

**Devon Library and Information Services**
www.devon.gov.uk/library

Gujarati
ગુજરાતી
No:10

**લાયબ્રેરીના સભ્ય બનવું**

લાયબ્રેરી તમારા મિત્ર જેવી હોય છે. એ હંમેશાં તમને આવકારે છે. તમે એનો ઉપયોગ કશા પણ ખર્ચ વિના કરી શકો છો. લાયબ્રેરીમાં કોઈ પણ આવીને પુસ્તકો જોઈ શકે છે અથવા લાયબ્રેરીમાં અધ્યયન કરી શકે છે; લાયબ્રેરી દ્વારા તરુણો માટે યોજાતા કાર્યક્રમોમાં એમનાં બાળકોને લાવી શકે છે; માહિતી માગી શકે છે અથવા લાયબ્રેરીનાં કૉમ્પ્યૂટરોનો ઉપયોગ કરી શકે છે – આના માટે તમારે લાયબ્રેરીના સભ્ય બનવું પડતું નથી.

પરંતુ સભ્ય બની જાઓ ને! એમાં કઈં તમારા માથે ખર્ચ નહિ આવી પડે. અને તે પછી તમે પુસ્તકો વાંચવા માટે લઈ જઈ શકો છો, એટલું જ નહિ સી.ડી., વીડિયો, ડીવીડી અને ઑડિયોટેપ પણ ભાડે લઈ જઈ શકો છો. તમારે, બસ, તમારા નામ અને ડેવનમાં તમારા સરનામાનો પુરાવો આપવાનો રહે છે (દાખલા તરીકે, બૅન્કનું સ્ટેટમેન્ટ, ભાડાચિઠ્ઠી અથવા તો વીજળી કે ગૅસ અથવા ટેલીફોન જેવું કોઈ પણ બિલ, તમારૂં મેડિકલ કાર્ડ). તમે ડેવનમાં થોડા સમય માટે રહેતા હો તો અમારે તમારા ઘરના સરનામાનો પુરાવો પણ જોવો પડશે (દાખલા તરીકે, ડ્રાઈવિંગ લાયસન્સ, આઈ.ડી. કાર્ડ અથવા પાસપોર્ટ). તમે ભણતા હો તો તમારી સ્કૂલ કે કૉલેજ તમારાં બન્ને સરનામાં દર્શાવતો પત્ર આપીને તમને મદદરૂપ બની શકે છે. તમે તમારાં બાળકોને પણ સભ્ય બનાવી શકો છો, જેથી તેઓ પણ પુસ્તકો અને વાર્તાની ટેપો લઈ શકે – અરે, શિશુઓ પણ લાયબ્રેરીનાં સભ્ય બની શકે છે!

તમને એક લાયબ્રેરી ટિકિટ અપાશે. તમારે જે કઈં લઈ જવું હોય તેની સાથે આ ટિકિટ પણ તમારે કાઉંટર પર રજૂ કરવાની રહેશે. પુસ્તકો વાંચવા માટે મફત લઈ જઈ શકાય છે. સામાન્ય રીતે, પુસ્તકો તમે 21 દિવસ રાખી શકો. સીડી, વીડિયો, ડીવીડી અને ઑડિયોટેપો માટે અઠવાડિક ફી લેવાય છે. લેબલ પર જે છેલ્લી તારીખની સ્ટૅમ્પ મારી હોય ત્યાં સુધી તમારે જે કઈં લીધું હોય તે લાયબ્રેરીને પાછું આપવાનું છે. કાઉંટર પર જે કર્મચારી હોય તેને સોંપી દો. એ તારીખથી મોડા પડશો તો તમારે થોડોઘણો ચાર્જ ભરવો પડશે. તમે પુસ્તક 21 દિવસ કરતાં વધુ સમય રાખવા માગતા હો તો, માત્ર પૂછી લો – સામાન્ય રીતે તો જવાબ 'હા' હશે!

પહેલી વાર આવશો ત્યારે તમે 4 પુસ્તકો લઈ શકો છો અને 2 સીડી અથવા ઑડિયોટેપો અને બે વીડિયોફિલ્મો કે ડીવીડી ભાડું ચૂકવીને લઈ જઈ શકો છો. તમે ડેવનમાં માત્ર થોડા વખત માટે રહેતા હો (દાખલા તરીકે રજા માણવા આવ્યા હો), તો પહેલી મુલાકાત વખતે 2 અને તે પછી 4 પુસ્તકો લઈ શકશો.

તમે જે કઈં લઈ જાઓ તેના માટે સંપૂર્ણ જવાબદાર ગણાશો એટલે તમારી લાયબ્રેરીની ટિકિટ અથવા તો લાયબ્રેરીની કોઈ વસ્તુ બીજા કોઈને ન આપશો.

લાયબ્રેરી વિશે તમારે કશું પૂછવું હોય અથવા તમને કશી શારીરિક ક્ષતિ હોય અને અમે તમને શી રીતે મદદરૂપ બની શકીએ તે જાણવું હોય તો લાયબ્રેરીમાં જરૂર પૂછી લેશો અથવા તમે અમને devlibs@devon.gov.uk, ના સરનામે ઈ–મેઈલ કરી શકો છો (એના નંબર ટેલીફોન બુકમાંથી અથવા અમારી વેબસાઈટ : www.devon.gov.uk/library પરથી મળી શકશે.

આ પાનાની પાછળની બાજુએ તમને ડેવનમાં લાયબ્રેરીનાં કૉમ્પ્યૂટરોનો ઉપયોગ શી રીતે કરવો તેની માહિતી મળશે.

*આ પાનાની બીજી બાજુ પહેલાં વાંચી લેશો!*

**લાયબ્રેરીનાં કૉમ્પ્યૂટરોનો ઉપયોગ**

તમે ઈંટરનેટ, વેબ–આધારિત ઈ–મેઈલ, વર્ડ પ્રોસેસિંગ, સ્પ્રેડશીટ્સ, ઑનલાઈન માહિતી અને બીજી ઘણી બાબતો માટે લાયબ્રેરીનાં કૉમ્પ્યૂટરોનો ઉપયોગ કરી શકો છો.

લાયબ્રેરીનાં કૉમ્પ્યૂટરનો ઉપયોગ કરવા માટે તમારી પાસે લાયબ્રેરીની ટિકિટ હોવી જોઈએ. તમે સભ્ય બનવા ન માગતા હો તો પણ તમે કૉમ્પ્યૂટરોનો ઉપયોગ કરી શકો એવી ટિકિટ હોય છે, પરંતુ એના દ્વારા તમે કશું ઘરે ન લઈ જઈ શકો. કાઉંટર પરના કર્મચારી પાસેથી આવી ટિકિટ માગી લેશો.

આ ટિકિટ મળી જાય તે પછી અમુક લાયબ્રેરીમાં તો તમે 'સેલ્ફ સર્વિસ' લખ્યું હોય તેવા કૉમ્પ્યૂટર પર જઈ, તમારો ટિકિટ નંબર ટાઈપ કરીને એનો ઉપયોગ શરૂ કરી શકો છો. બીજી લાયબ્રેરીઓમાં તમને કોઈ કૉમ્પ્યૂટર પર બુક કરવા માટે કાઉંટર પરના કર્મચારીને જણાવવું પડે છે.

શરૂઆત કરો તે પહેલાં, તમારે ક્લિક કરીને અમારી નીતિનો સ્વીકાર કરતા હોવાનું દર્શાવવું પડશે. ખાસ કરીને, તમારે કાયદાની મર્યાદામાં રહેવું પડશે અને ગેરકાયદે કે અશ્લીલ વેબસાઈટો જોવાની કોશિશ કરવાની નથી. ઈંટરનેટ અને ઈ–મેઈલના ઉપયોગને રેકૉર્ડ કરવામાં આવે છે અને એના પર નજર રખાય છે. કોઈ કૉમ્પ્યૂટરનો દુરુપયોગ કરે છે એવી અમને શંકા પડે તો અમે ચકાસણી કરી શકીએ છીએ.

કામ પૂરૂં થઈ જાય ત્યારે સ્ક્રીનની છેક ઉપર ડાબી બાજુએ “End session” (એન્ડ સેશન) પર ક્લિક કરવાનું છે.

દરેક જણ દિવસમાં એક વાર 30 મિનિટ કૉમ્પ્યૂટરનો મફત ઉપયોગ કરી શકે છે. એ જ દિવસે તમારે 30 મિનિટ કરતાં વધારે વખત ઉપયોગ કરવો હોય તો દરેક વધારાની 30 મિનિટ માટે 1.50 પૌંડ ચાર્જ આપવાનો રહેશે.

પ્રિંટિંગ (છાપવાનો) ખર્ચ બ્લૅક એન્ડ વ્હાઈટ (સામાન્ય) પૃષ્ઠના 12 પેન્સ અને રંગીન પૃષ્ઠના 1 પૌંડ લેખે વસૂલ કરાશે. પ્રિંટિંગનું બધું કામ લાયબ્રેરીના કાઉંટર પર રાખેલા એક જ પ્રિંટર પર થાય છે. તમારી સેશન પૂરી થઈ જાય તે પછી કાઉંટરના કર્મચારીને તમારે જોઈતી પ્રિંટ માટે કહો.

તમારે તમારૂં કામ સંઘરી લેવું હોય તો ફલૉપીમાં લઈ લો. તમે અમારી પાસેથી ફલૉપી ખરીદી શકો છો.

તમે 16 વર્ષથી નાના હશો તો ઈ–મેઈલનો ઉપયોગ કરવાની તમને છૂટ નહિ મળે. તમે માત્ર ઈંટરનેટનો ઉપયોગ કરી શકો છો (અમુક ખાસ પસંદ કરેલી વેબસાઈટો સિવાય). તમારાં માતા/પિતા કે વાલી એક ફૉર્મમાં સહી કરીને છૂટ આપે તો જ તમે ઈંટરનેટ વાપરી શકો. તમારે ઈ–મેઈલ મોકલવો હોય તો તમે જેની સાથે રહેતા હો તેને કે તમારા ટ્યૂટરને પૂછી જૂઓ; તેઓ મદદ કરવા તૈયાર થાય અને પુખ્ત વ્યકિત માટેની ટિકિટ લઈને તમારી સાથે કૉમ્પ્યૂટર પાસે બેસે તો તમે ઈ–મેઈલ મોકલી શકો છો.

તમે પહેલાં કદી કૉમ્પ્યૂટર વાપર્યું નહિ હોય તો પ્રારંભિક તાલીમ કોર્સ શોધવામાં અમારા કર્મચારી તમને મદદ કરી શકે છે. – મોટા ભાગે તો આવા કોર્સ મફત ચાલે છે તમે કૉમ્પ્યૂટર શી રીતે વાપરવું તે જાણતા હો પણ ઈંટરનેટનો ઉપયોગ કરવાનું શીખવા માગતા હો તો તમે લાયબ્રેરીમાં ઑનલાઈન કોર્સની અજમાયશ કરી શકો છો.